| |
|---|
| વર્ષ-૨૦૨૧-૨૨ની<br>દ્વિતીય એકમ કસોટી |

<u>પત્રકમાંક:-</u> મઉમશબ/ક-૧/ દ્વિતીય કસોટી/ ૨૦૨૧/૯૦૭૯
ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,સેક્ટર- ૧૦/બી,
સચિવાલય પાસે,ગાંધીનગર.
તા.૧૭/૧૨/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ, ગુજરાત રાજ્ય.

<u>વિષય:-</u> વર્ષ-૨૦૨૧-૨૨ની દ્વિતીય એકમ કસોટીના આયોજન અંગે (ધોરણ - ૦૯ થી ધોરણ- ૧૨)

<u>સંદર્ભ:-</u> (૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક :-બમશ/૧૧૨૦/૧૪૨/છ તા.૧૨/૦૨/૨૦૨૦
(૨) અત્રેની કચેરીના મઉમશબ/SSC/૨૦૨૦/૬૭-૧૦૪ તા.૦૧/૦૭/૨૦૨૦ પત્ર અન્વયે
(૩) અત્રેની કચેરીનો પત્રકમાંક: મઉમશબ/ક-૧/એકમકસોટી/૨૦૨૧/૯૨૨
તા.૧૮/૦૯/૨૦૨૧ અન્વયે.

જયભારત સાથે ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ-૦૯ થી ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓ માટે દર મોસના અંત ભાગમાં એકમ કસોટીનું આયોજન કરવાનું સૂચન થયેલ છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા પ્રાપ્ત તમામ શાળાઓએ દર માસના અંત ભાગમાં તમામ વિષયોની એકમ કસોટી યોજવાની રહેશે. આ વિષયો પૈકી અમૂક મુખ્ય વિષયોની પરીક્ષા બોર્ડ દ્વારા યોજવામાં આવશે. જેના વખતો વખત સમયપત્રક અને પ્રશ્નપત્રો બોર્ડ દ્વારા મોકલવામાં આવશે. તે સિવાયના વિષયોની (જે વિષયોની એકમ કસોટીના પ્રશ્નપત્ર બોર્ડ દ્વારા મોકલવામાં ન આવે તેવા વિષયોની) એકમ કસોટી શાળાઓએ પોતાની રીતે પ્રશ્નપત્રો કાઢી શાળાના માસવાર સમયપત્રકના આયોજનમાં અનુકૂળતા મુજબ આ કસોટીઓ યોજવાની રહેશે. આમ શાળાઓએ પોતાના ધોરણ-૦૯ થી ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓને અપાતા શિક્ષણ સંબંધી તમામ વિષયોની એકમ કસોટીના માસવાર ગુણપત્રક અને જવાબવહીના દસ્તાવેજ શાળા કક્ષાએ સાચવવાના રહેશે.

આમ ડીસેમ્બર /જાન્યુઆરી-૨૦૨૧માં બોર્ડ દ્વારા યોજાનાર ધોરણ-૦૯ થી ધોરણ-૧૨ ની વર્ષ-૨૦૨૧-૨૨ની દ્વિતીય એકમ કસોટી માટે નીચે મુજબની સુચનાઓ ધ્યાને લેવાની રહેશે.તેમજ આ કસોટીના આયોજન અને અમલીકરણ માટેની કચેરીના સંદર્ભદર્શીત પત્ર (૩) મુજબની સૂચનાઓ મુજબ કરવાનું રહેશે.

<u>સુચનાઓ:-</u>

- ધોરણ- ૦૯ થી ૧૨ની દ્વિતીય એકમ કસોટી તા. ૨૯ - ૩૦ ડીસેમ્બર ૨૦૨૧ અને તા. ૦૬ - ૦૭ જાન્યુઆરી ૨૦૨૨ એમ બે તબક્કામાં યોજવાની રહેશે. જેની ખાસ નોંધ લેવી.
- ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત પાઠ્યપુસ્તકના આધારે જ એકમ કસોટીનું આયોજન કરવામાં આવશે.

| દ્વિતીય એકમ કસોટીના પ્રશ્નોપત્રોની રવાનગી ક્રમ | તબક્કો -૧ | તબક્કો-૨ |
|---|---|---|
| GSHSEB→ DEO ના<br>નોડેલ અધિકારી (વર્ગ-૨) | ૨૭/૧૨/૨૦૨૧ | ૦૪/૦૧/૨૦૨૨ |
| DEOના નોડેલ અધિકારી (વર્ગ-૨) → SVS કન્વીનર→<br>QDC કો-ઓર્ડીનેટર | ૨૭/૧૨/૨૦૨૧ | ૦૪/૦૧/૨૦૨૨ |
| QDC કો-ઓર્ડીનેટર (સીલબંધ કવરમાં) →<br>શાળાના આચાર્ય (પરીક્ષા સમય સુધી કસ્ટડીમાં રાખવું) | ૨૮/૧૨/૨૦૨૧ | ૦૫/૦૧/૨૦૨૨ |
| શાળાના આચાર્ય(પરીક્ષાના સમયે) → વિદ્યાર્થીઓ | ૨૯/૧૨/૨૦૨૧ | ૦૬/૦૧/૨૦૨૨ |

- સરકારશ્રીની સૂચના અનુસાર રાજ્યની તમામ શાળાઓમાં શિક્ષણકાર્ય શરૂ કરવામાં આવેલ છે. આથી શાળાકક્ષાએ એકમ કસોટીનું આયોજન કરવાનું રહેશે.
- વર્ષ-૨૦૨૧-૨૨ની દ્વિતીય એકમ કસોટી માટેનું તારીખવાઇઝ સમયપત્રક, વિષયો અને અભ્યાસક્રમ બિડાણમાં દર્શાવ્યા મુજબના રહેશે. એકમ કસોટીની ગોપનીયતા જાળવવા તે સમયપત્રકને અનુસરવાનું રહેશે.

નોંધ :- શિક્ષણ વિભાગના તા.૧૨/૦૨/૨૦૨૦ના ઠરાવ અન્વયે ધોરણ-૯ અને ધોરણ-૧૦ માં ગુજરાતી, ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન જ્યારે ધોરણ- ૧૧ અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ માટે ગણિત, ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, જીવ વિજ્ઞાન તથા અંગ્રેજી તેમજ સામાન્ય પ્રવાહ માટે અંગ્રેજી, નામાના મૂળતત્વો, વાણિજ્ય વ્યવસ્થા, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રની એકમ કસોટીના પ્રશ્નપત્રો બોર્ડ કક્ષાએથી તૈયાર કરવાના હોય છે. આ સિવાયના ધોરણ-૦૯ થી ૧૨ તમામ વિષયના પ્રશ્નપત્રો શાળાએ તૈયાર કરી ૧૫ જાન્યુઆરી ૨૦૨૨ સુધીમાં શાળા કક્ષાએ જ એકમ કસોટી લેવાની રહેશે. આ તમામ વિષયોના ગુણપત્રકો તથા જવાબવહીના દસ્તાવેજ શાળા કક્ષાએ સચવવાના રહેશે.

| | | |
|---|---|---|
| પરીક્ષા સચિવ (SSC) | નાયબ નિયામક (પરીક્ષા) (વિ.પ્ર) | નાયબ નિયામક (પરીક્ષા) (સા.પ્ર) |
| ગુ.મા.અને.ઉ.મા.શિ.બોર્ડ | ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ, | ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ, |
| ગાંધીનગર | ગાંધીનગર | ગાંધીનગર |

- બિડાણ:-
  1) એકમ કસોટીના આયોજન અને અમલીકરણ અંગેની સૂચનાઓ.
  2) દ્વિતીય એકમ કસોટીનું સમયપત્રક
  3) ધોરણ -૯ થી ૧૨ ની વર્ષ-૨૦૨૧-૨૨ માટેની દ્વિતીય એકમ કસોટીના વિષયો અને અભ્યાસક્રમ

સવિનય નકલ રવાના:-

1) માન. સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
2) માન. અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
3) માન. નિયામકશ્રી શાળાઓની કચેરી, બ્લોક-૯/૧, ગાંધીનગર.
4) માન. નિયામકશ્રી જીસીઇઆરટી, સેક્ટર-૧૨, ગાંધીનગર.
5) માન. ખાસ ફરજ પરના અધિકારીશ્રી અને સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
6) માન..સંયુક્ત નિયામકશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
7) માન. સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

**બિડાણ-૧**

## એકમ કસોટીના આયોજન અને અમલીકરણ અંગે સૂચનાઓ:

- શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૨૦/૧૪૨/છ તા.૧૨/૦૨/૨૦૨૦ અન્વયે શાળાઓએ દર માસે એકમ કસોટીનું આયોજન કરવાનું રહેશે.
- ઉપરોક્ત ઠરાવ અનુસાર ધોરણ-૯ અને ૧૦ માં ગુજરાતી, ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન જ્યારે ધોરણ-૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહ માટે ગણિત, ભૌતીક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, જીવવિજ્ઞાન તથા અંગ્રેજી તેમજ સામાન્ય પ્રવાહ માટે અંગ્રેજી, નામાના મૂળતત્વો, વાણિજ્ય વ્યવસ્થા, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રની એકમ કસોટીના પ્રશ્નપત્રો દર મહિને બોર્ડ દ્વારા તૈયાર કરવામાં આવશે.
- તે સિવાયના વિષયોની (જે વિષયોની એકમ કસોટીના પ્રશ્નપત્ર બોર્ડ દ્વારા મોકલવામાં ન આવે તેવા વિષયોની) એકમ કસોટી શાળાઓએ પોતાની રીતે પ્રશ્નપત્રો કાઢી શાળાના માસવાર સમયપત્રકના આયોજનમાં અનુકુળતા મુજબ યોજવાની રહેશે. દા.ત. કોઈ એક શાળાના ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના વર્ગ-A ના વિદ્યાર્થીઓના વિષયો આ મુજબ છે- ગુજરાતી (૦૦૧), હિન્દી (૦૦૯), અંગ્રેજી (૦૧૩), સમાજશાસ્ત્ર (૧૩૯), મનોવિજ્ઞાન (૧૪૧), ભૂગોળ (૧૪૮) અને કમ્પ્યુટર (૩૩૧) વિષયો પૈકી મનોવિજ્ઞાન અને અંગ્રેજીના પ્રશ્નપત્રો અને સમયપત્રક બોર્ડ દ્વારા મોકલવામાં આવેલ હોય તો તે સિવાયના કુલ પાંચ વિષયની માસિક એકમ કસોટી શાળાએ યોજવાની રહેશે.
- દર માસે બોર્ડ દ્વારા લેવાનારા વિષયોની એકમ કસોટીનું સમયપત્રક અને વિષયોનો અભ્યાસક્રમ સાથે કસોટીના આયોજન અંગેનો પરિપત્ર આપશ્રીને મોકલવામાં આવશે. તે સિવાયના વિષયોની એકમ કસોટી અંગેનું સમયપત્રક અને વિષયોનો અભ્યાસક્રમ તથા પ્રશ્નપત્રો અંગેનું આયોજન શાળાએ કરવાનું રહેશે. આ આયોજન SVS (શાળા વિકાસ સંકુલ) કક્ષાએ સંકલનમાં રહી એકસૂત્રતા મુજબ થાય તે ઈચ્છનીય છે. એકમ કસોટીઓના આયોજનમાં શાળાઓ/SVS સંકુલ પોતાના શૈક્ષણિક આયોજન મુજબ અનુકૂળતા પ્રમાણે કરી શકે છે.
- બોર્ડ દ્વારા લેવાનાર વિષયોની એકમ કસોટી સંદર્ભે જિલ્લા શિક્ષણાધિકારી કક્ષાએથી એક નોડલ અધિકારી (વર્ગ-૨) ની નિમણૂક કરવાની રહેશે. તેમજ જિલ્લા વાઈઝ એકમ કસોટીના પ્રશ્નપત્રોની સોફ્ટ કોપી ગોપનીય e-mail address પર અત્રેથી આપવામાં આવશે.
- બોર્ડ દ્વારા નિયત તારીખે નોડલ અધિકારીના e-mail address પર પ્રશ્નપત્ર મોકલવામાં આવશે.
- નોડલ અધિકારીએ આ પ્રશ્નપત્રો બોર્ડ દ્વારા નિયત તારીખના રોજ SVS કન્વીનરને ગોપનીય e-mail address પર મોકલવાના રહેશે.

- SVS કક્ષાએ પોતાના સંકુલમાં સમાવિષ્ટ QDC કો-ઓર્ડીનેટરના આચાર્યને આ પ્રશ્નપત્રો બોર્ડ દ્વારા નિયત તારીખના રોજ ગોપનીય e-mail address પર મોકલવાના રહેશે.
- QDC કક્ષાએ પોતાની સંકુલમાં સમાવિષ્ટ સરકારી/ગ્રાન્ટેડ/ખાનગી શાળાઓના આચાર્યશ્રીઓને બોર્ડ તરફથી પ્રાપ્ત પ્રશ્નપત્રોની નકલોની એક-એક પ્રિન્ટ કરાવી શાળા વાઈઝ સીલબંધ કવર તૈયાર કરવાના રહેશે. આ સીલબંધ કવર પર QDC કો-ઓર્ડીનેટર અને જે તે આચાર્યએ સહી કરવાની રહેશે.
- સરકારી/ગ્રાન્ટેડ/ખાનગી શાળાના આચાર્યશ્રીએ ધોરણ-૯ થી ૧૨ ના એકમ કસોટીના પ્રશ્નપત્રોની એક-એક નકલ સંબંધિત QDC કક્ષાએથી મેળવવાની રહેશે. પ્રશ્નપત્રોની નકલનો પેજવાઈઝ ખર્ચ QDC કક્ષાએ ચુકવવાનો રહેશે. QDC કો-ઓર્ડીનેટર પોતાના કલષ્ટરમાં સમાવિષ્ટ શાળાઓ પાસેથી અગાઉથી ડીમાન્ડ મેળવીને આયોજન કરવાનું રહેશે.
- શાળાના આચાર્યશ્રીએ કસોટીના પ્રશ્નપત્રોની જરૂરિયાત મુજબ નકલો કરાવીને કસોટીના સમય સુધી સીલબંધ રીતે પોતાની કસ્ટડીમાં રાખવાના રહેશે.સમયપત્રક મુજબ કસોટીના દિવસે જ વિદ્યાર્થીને એકમ કસોટી યોજવાની રહેશે.
- શાળાના આચાર્યશ્રીએ મેળવેલ પ્રશ્નપત્રોની નકલ બોર્ડ દ્વારા નિયત સમયપત્રક મુજબ એકમ કસોટીના આગળના દિવસે વિદ્યાર્થીઓની સંખ્યા મુજબ નકલ કરાવીને પોતાની કસ્ટડીમાં સીલબંધ રાખવાના રહેશે.
- શાળા કક્ષાએ બોર્ડ દ્વારા નિયત સમયપત્રક મુજબ શાળા કક્ષાએ જ એકમ કસોટી યોજવાની રહેશે.
- આમ, GS&HSEB → DEO કક્ષાના નોડેલ અધિકારી (વર્ગ-૨) → SVS (શાળા વિકાસ સંકુલ) → QDC કો-ઓર્ડીનેટર → સરકારી/ગ્રાન્ટેડ /ખાનગી શાળાઓના આચાર્યશ્રી

આ સાંકળ મુજબ સંપૂર્ણ પ્રક્રિયામાં ગોપનીયતા જળવાઈ રહે તે રીતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ દ્વારા આયોજન કરવાનું રહેશે.

- આમ, ગુ.મા અને ઉ.મા.શિક્ષણ બોર્ડની માન્યતા પ્રાપ્ત તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ (વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, ઉત્તરબુનિયાદી પ્રવાહ અને વ્યવસાયલક્ષી પ્રવાહ)ની તમામ શાળાઓએ પોતાના ધોરણ-૦૯ થી ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓને અપાતા શિક્ષણ સંબંધી તમામ વિષયોની એકમ કસોટી આ પરિપત્ર મુજબ યોજવાની રહેશે અને યોજેલ એકમ કસોટીના ગુણપત્રક અને જવાબવહીના દસ્તાવેજ શાળા કક્ષાએ સાચવવાના રહેશે.

બિડાણ - ૨

## દ્વિતીય એકમ કસોટી ડીસેમ્બર/ જાન્યુઆરી-૨૦૨૧નું સમયપત્રક

| | તારીખ | ધોરણ- ૦૯ અને ૧૦ | ધોરણ-૧૧અને ૧૨<br>વિજ્ઞાન પ્રવાહ | ધોરણ-૧૧અને ૧૨<br>સામાન્ય પ્રવાહ |
|---|---|---|---|---|
| તબક્કો-૧ | ૨૯/૧૨/૨૦૨૧ | સામાજિક વિજ્ઞાન | અંગ્રેજી (FL)<br>અથવા<br>અંગ્રેજી (SL) | નામાનાંમૂળતત્વો /<br>મનોવિજ્ઞાન |
| | ૩૦/૧૨/૨૦૨૧ | ગણિત | ગણિત /<br>જીવવિજ્ઞાન | અંગ્રેજી (FL)<br>અથવા<br>અંગ્રેજી (SL) |
| તબક્કો-૨ | ૦૬/૦૧/૨૦૨૨ | ગુજરાતી (પ્રથમ ભાષા)<br>અથવા<br>ગુજરાતી (દ્વિતીય ભાષા) | ભૌતિકવિજ્ઞાન | આંકડાશાસ્ત્ર /<br>અર્થશાસ્ત્ર |
| | ૦૭/૦૧/૨૦૨૨ | વિજ્ઞાન અને ટેકનોલોજી | રસાયણવિજ્ઞાન | વાણિજ્ય વ્યવસ્થા |

## ધોરણ -9 દ્વિતીય એકમ કસોટી માટેનો અભ્યાસક્રમ

(વર્ષ – 2021-22)

| માસ | સામાજિક વિજ્ઞાન | વિજ્ઞાન | ગુજરાતી (પ્રથમ ભાષા) | ગુજરાતી (દ્વિતીય ભાષા) | ગણિત |
|---|---|---|---|---|---|
| ઓક્ટોબર | પ્રકરણ<br>5- ભારત આઝાદી તરફ પ્રયાણ<br>11- ભારતનું ન્યાયતંત્ર | પ્રકરણ<br>10 - ગુરુત્વાકર્ષણ (પૂર્ણ) | પ્રકરણ<br>13- રસ્તો કરી જવાના<br>લેખન - પદ્યાર્થગ્રહણ | પ્રકરણ<br>12- પદ્ય - તો જાણું<br>13- ઘડવૈયા- ગદ્ય<br>લેખન - નિબંધ | પ્રકરણ<br>7- ત્રિકોણ |
| નવેમ્બર | પ્રકરણ<br>16- આબોહવા | પ્રકરણ<br>15- અન્નસ્ત્રોતોમાં સુધારણા | પ્રકરણ<br>14- ગદ્ય-<br>વાડી પરનાં વહાલાં<br>લેખન - પત્રલેખન | પ્રકરણ<br>14- પદ્ય-<br>મારું- તારું<br>વ્યાકરણ- વિશેષણ | પ્રકરણ<br>11- રચનાઓ |

13/12

# ધોરણ -10 દ્વિતીય એકમ કસોટી માટેનો અભ્યાસક્રમ

(વર્ષ – 2021-22)

| માસ | સામાજિક વિજ્ઞાન | વિજ્ઞાન | ગુજરાતી (પ્રથમ ભાષા) | ગુજરાતી (દ્વિતીય ભાષા) | ગણિત |
|---|---|---|---|---|---|
| ઓક્ટોબર | પ્રકરણ<br>6- ભારતનાં સાંસ્કૃતિક વારસાનાં સ્થળો<br><br>20- ભારતની સામાજિક સમસ્યાઓ અને પડકારો | પ્રકરણ<br>11- માનવ આંખ અને રંગબેરંગી દુનિયા<br><br>4- કાર્બન અને તેના સંયોજનો | પ્રકરણ<br>પદ્ય-13,15<br>લેખન-નિબંધ<br>ગદ્ય-14 | પ્રકરણ<br>ગદ્ય-15, 14<br>વ્યાકરણ : એકમ - 5 | પ્રકરણ<br>6 - ત્રિકોણ |
| નવેમ્બર | પ્રકરણ<br>7- આપણા વારસાનું જતન<br><br>18-ભાવવધારો અને ગ્રાહક જાગૃતિ | પ્રકરણ<br>4- કાર્બન અને તેના સંયોજનો<br><br>8- સજીવો કેવી રીતે પ્રજનન કરે છે? | પ્રકરણ<br>પદ્ય-17,<br>લેખન-આત્મકથા,<br>વિચાર-વિસ્તાર<br>ગદ્ય-16,18<br>વ્યાકરણ - એકમ-4 | પ્રકરણ<br>પદ્ય-18<br>ગદ્ય-16<br>વ્યાકરણ : એકમ - 5 | પ્રકરણ<br>4 - દ્વિઘાત સમીકરણ<br>10 - વર્તુળ |

13/12/૨1

# ધોરણ-૧૧/૧૨ વિજ્ઞાન પ્રવાહ
## શૈક્ષણિક વર્ષ – ૨૦૨૧-૨૨
## દ્વિતીય એકમ કસોટી નો અભ્યાસક્રમ

| ધોરણ | વિષય | પ્રકરણ | પ્રકરણનું નામ |
|---|---|---|---|
| ૧૧ | ૦૫૦ - ગણિત | પ્રકરણ – ૮ | દ્વિપદી પ્રમેય |
| | | પ્રકરણ – ૯ | શ્રેણી અને શ્રેઢી |
| ૧૧ | ૦૫૨-રસાયણ વિજ્ઞાન | પ્રકરણ – ૧૦ | s – વિભાગના તત્વો |
| | | પ્રકરણ – ૮ | રેડોક્ષ પ્રક્રિયાઓ |
| ૧૧ | ૦૫૪-ભૌતિક વિજ્ઞાન | પ્રકરણ – ૮ | ગુરુત્વાકર્ષણ |
| | | પ્રકરણ – ૯ | ઘન પદાર્થના યાંત્રિક ગુણધર્મો |
| ૧૧ | ૦૫૬ - જીવ વિજ્ઞાન | પ્રકરણ – ૧૧ | વનસ્પતિઓમાં વહન |
| | | પ્રકરણ – ૧૨ | ખનીજ પોષણ |
| | | પ્રકરણ – ૧૩ | ઉચ્ચ કક્ષાની વનસ્પતિઓમાં પ્રકાશસંશ્લેષણ |
| ૧૧ | ૦૦૬ - અંગ્રેજી (F.L.) | Poem – 3 | The Voice Of The Rain |
| | | Poem – 4 | Childhood |
| | | Ch-6 | The Browning Version |
| | | Sup.4 | Albert Einstein at School |
| | | Grammar | Transformation of Sentences |
| ૧૧ | ૦૧૩ - અંગ્રેજી (S.L.) | Unit – 4 | Read – 2 Yog for Health |
| | | Unit – 5 | Read – 1 Pepper, The Phantom Pet |
| | | Sup. Reader | Ch :- 12,13,14 |
| | | | E-mail or Report Writing |
| ૧૨ | ૦૫૦ - ગણિત | પ્રકરણ – ૯ | વિકલ સમીકરણો |
| | | પ્રકરણ – ૧૦ | સદિશ બીજગણિત |
| | | પ્રકરણ – ૧૧ | ત્રિપરિમાણીય ભૂમિતિ |
| ૧૨ | ૦૫૨-રસાયણ વિજ્ઞાન | પ્રકરણ – ૭ | P – વિભાગનાં તત્વો |
| | | પ્રકરણ – ૫ | પૃષ્ઠ રસાયણશાસ્ત્ર |
| | | પ્રકરણ – ૧૩ | એમાઈન સંયોજનો |
| ૧૨ | ૦૫૪-ભૌતિક વિજ્ઞાન | પ્રકરણ – ૯ | કિરણ પ્રકાશ શાસ્ત્ર અને ઉપકરણો |
| | | પ્રકરણ – ૧૦ | તરંગ પ્રકાશ શાસ્ત્ર |
| ૧૨ | ૦૫૬ - જીવ વિજ્ઞાન | પ્રકરણ – ૧૦ | માનવ કલ્યાણમાં સૂક્ષ્મ જીવો |
| | | પ્રકરણ – ૧૧ | બાયોટેકનોલોજી સિધ્ધાંતો અને પ્રક્રિયાઓ |
| | | પ્રકરણ – ૧૨ | બાયોટેકનોલોજી અને તેનાં પ્રયોજનો |

| | | | |
|---|---|---|---|
| ૧૨ | ૦૦૬ - અંગ્રેજી (F.L.) | Ch-6 | Poets and Pancakes |
| | | Poem-4 | A Thing of Beauty |
| | | Poem-5 | A Roadside Stand |
| | | Sup. Ch-4 | The Enemy |
| | | Sup.Ch-5 | Should Wizard Hit Mommy |
| | | Grammar | Transformation of Sentences |
| ૧૨ | ૦૧૩ - અંગ્રેજી (S.L.) | Unit – 5 | Read – 1 Ants |
| | | Unit – 5 | Read – 2 No Men Are Foreign |
| | | Unit – 6 | Read – Strike Against War |
| | | Sup. Reader | Ch :- 13,14,15 |
| | | | E-mail or Report Writing |

17-12-21

# વર્ષ-૨૦૨૧-૨૨ની દ્વિતીય એકમ કસોટી

## ધોરણ- ૧૧ (સામાન્ય પ્રવાહ)નો અભ્યાસક્રમ

| ધોરણ | વિષય અને કોડ | પ્રકરણ |
|---|---|---|
| 11 | ENGLISH (006) (F.L) | Book: Hornbill<br>Unit 6: The Browning Version<br>Poem: 3 The Voice of the Rain<br>Poem: 4 Childhood<br>Sup. Reader- Book : Snapshots<br>Ch: 4 Albert Einstein at School<br>Grammar: Transformation of Sentences |
| 11 | ENGLISH (013) (S.L) | Unit 4 : Read-2 Yog For Health<br>Unit 5 : Read-1 Pepper, The Phantom Pet<br>Supp. Reading : Read-12,13,14<br>Email Writing OR Report Writing |
| 11 | વાણિજ્ય વ્યવસ્થા (046) | પ્રકરણ -6 ધંધાકીય વ્યવસ્થા સ્વરૂપો<br>પ્રકરણ -7 જાહેરક્ષેત્ર, ખાનગીક્ષેત્ર અને વૈશ્વિક સાહસો (7.1 સુધી) |
| 11 | મનોવિજ્ઞાન (141) | પ્રકરણ -5 બોધાત્મક પ્રક્રિયા,<br>પ્રકરણ -6 સ્મરણ અને વિસ્મરણ. |
| 11 | અર્થશાસ્ત્ર (022) | પ્રકરણ -6 બજાર<br>પ્રકરણ -7 ભારતીય અર્થતંત્ર |
| 11 | આંકડાશાસ્ત્ર (135) | પ્રકરણ- 5 આવૃત્તિ વિતરણની વિષમતા |
| 11 | નામાનાં મૂળતત્વો (154) | ભાગ - 1<br>પ્રકરણ -10 કાચું સરવૈયું,<br>પ્રકરણ -11 બેંક સિલક મેળ,<br>ભાગ - 2<br>પ્રકરણ -1 ભૂલ સુધારણા |

# વર્ષ-૨૦૨૧-૨૨ની દ્વિતીય એકમ કસોટી

## ધોરણ- ૧૨ (સામાન્ય પ્રવાહ)નો અભ્યાસક્રમ

| ધોરણ | વિષય અને કોડ | પ્રકરણ |
|---|---|---|
| 12 | ENGLISH (006) (F.L) | Book: Flamingo<br>Ch. 6 Poets and Pancakes<br>Poem: 4 A Thing of Beauty<br>Poem: 5 A Roadside Stand<br>Book: Vistas - Sup. Reader<br>Ch. 4 The Enemy<br>Ch. 5 Should Wizard Hit Mommy<br>Grammar<br>Transformation of Sentences |
| 12 | ENGLISH (013) (S.L) | Unit 5 : Read-1 Ants<br>Read-2 No Men Are Foreign (Poem)<br>Unit 6 : Read-1 Strike Against War<br>Email Writing OR Report Writing<br>Supp. Reading : Read-13,14,15 |
| 12 | વાણિજ્ય વ્યવસ્થા (046) | પ્રકરણ -8 નાણાકીય સંચાલન<br>પ્રકરણ -9 નાણાકીય બજાર<br>પ્રકરણ -10 બજાર પ્રક્રિયા સંચાલન (અપૂર્ણ) |
| 12 | મનોવિજ્ઞાન (141) | પ્રકરણ -6 મનોવિકૃતિઓ<br>પ્રકરણ -7 સલાહ અને મનોપચાર |
| 12 | અર્થશાસ્ત્ર (022) | પ્રકરણ -7 વસ્તી<br>પ્રકરણ -8 કૃષિક્ષેત્ર<br>પ્રકરણ -9 વિદેશવેપાર |
| 12 | આંકડાશાસ્ત્ર (135) | ભાગ-2<br>પ્રકરણ -2 યાદચ્છિક ચલ અને અસતત સંભાવના વિતરણ |
| 12 | નામાના મૂળતત્વો (154) | ભાગ -2<br>પ્રકરણ -1 શેરમૂડીના હિસાબો અને<br>પ્રકરણ -2 ડિબેન્ચર ના હિસાબો |

ક્ર. જ. શા ૬/૨૦૨૧/[illegible]

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
સુરત. જિ. સુરત
તા. ૧૯/૧૨/૨૧

પ્રતિ,
આચાર્યશ્રી
તમામ માધ્યમિક અને ઉ.મા. શાળાઓ
સુરત. જિ. સુરત.
જાણ તથા કાર્યવાહી સારુ.

For District Education Officer
Surat. Dist. Surat.